# વાર્ષિક ૧૨ ટકા વળતરની લાલચ આપી વડાલિયા પરિવારના ૧૧ કરોડ ઓળવી લીધા

## કપચીના ધંધામાં રોકાણ માટે પૈસા લઈ બંને આરોપીઓએ શરૂઆતમાં વળતર આપી પોત પ્રકાશ્યું

રાજકોટ: રાજકોટમાં વડાલિયા ફૂડ્સ નામે નમકિનની કંપની ધરાવતા પરિવાર સાથે રોકાણ પર વાર્ષિક ૧૨ ટકા જેટલું વળતર આપવાની લાલચ આપી રૂ. ૧૦.૯૮ કરોડની છેતરપિંડી અંગે બે આરોપી વિજય હરિભાઈ માકડિયા અને અમિત રમેશભાઈ ભાણવડિયા (રહે. બંને ફોર્ચ્યુન એક્ઝોટીક એપાર્ટમેન્ટ, મોટામવા) વિરૂધ્ધ ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાઈ છે. જેના આધારે જીપીઆઈડી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.મોટામવામાં ગોલ્ડન આર્ક બિલ્ડિંગમાં રહેતા દર્શનભાઈ રસિકભાઈ વડાલિયા (ઉ.વ. ૪૨) ગોંડલ રોડ પર ગાંધી ચેમ્બર્સમાં વડાલિયા ફૂડ નામે નમકિનના મેન્યુફેક્ચરિંગનું કામ કરે છે. તેણે પોલીસને જણાવ્યું કે વિજય માકડિયા તેના સંબંધી છે. જેનો પાર્ટનર અમિત ભાણવડિયા છે. ૨૦૧૯ની સાલમાં તે બંનેની પંચાયતનગર ચોકમાં આવેલી જૂની ઓફિસે ગયો હતો. તે વખતે તેને બંનેએ કહ્યું કે તેમની દર્શન મિનરલ, જય સ્ટોન ક્રશર અને દર્શિલ સ્ટોન ક્રશર નામની પેઢી છે.




જેમાં કપચીનો ધંધો કરે છે.આ રીતે તેને પોતાની પેઢીમાં રોકાણ સામે વાર્ષિક ૧૨ ટકા વળતર આપવાની વાત કરી હતી. જેથી તેણે પોતાના અને સગા-સંબંધીઓમાં માતા જોશનાબેન, દાદા ગોકળભાઈ, કાકા નવનીતભાઈ, કાકી નીતાબેન, બીજા કાકી સાધનાબેન જીવનભાઈ વડાલિયા, કૌટુંબીક દાદા વલ્લભભાઈ, કૌટુંબીક ભાઈ અંકિત, કૌટુંબીક કાકા કેતનભાઈ લક્ષ્મીદાસ વડાલિયા, કૌટુંબીક કાકી ગીતાબેન દીપકભાઈ વડાલિયાને વાત કરતાં તમામ રોકાણ કરવા તૈયાર થઈ ગયા હતાં.પરિણામે પોતાના અને પરિવારના આ તમામ સભ્યોના નામે ૨૦૧૯ની સાલથી લઈ ૨૦૨૪ સુધી કટકે-કટકે રૂ. ૯.૯૦ કરોડનું રોકાણ કર્યું હતું. જેના બદલામાં તેમને વળતર પેટે રૂ. ૧.૦૮ કરોડ આપ્યા હતા. આ વળતર આપતા વિશ્વાસ બેઠો હતો અને વધુને વધુ રોકાણ કરતા ગયા હતા. ત્યાર પછી રોકાણ કરેલી રકમ પરત માંગતા બંનેએ તે આપવાની ના પાડી દીધી હતી. એટલું જ નહીં થાય તે કરી લેવાની ધમકી પણ આપી હતી. છેલ્લા ઘણા સમયથી તેના ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. ઘરે જતાં હાજર મળતા ન હતાં. છેલ્લા એક વર્ષથી બંને મળ્યા નથી. બંનેએ તેણે અને તેના પરિવારે રોકેલા રૂ. ૯.૯ કરોડમાંથી રૂ. ૧.૦૮ કરોડનું વળતર આપી બાકીની રકમ અને વળતર મળી કુલ રૂ. ૧૦.૯૮ કરોડ ઓળવી જતાં આખરે ક્રાઈમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે ક્રાઈમ બ્રાંચે બંનેની ધરપકડ કરી તપાસ જારી રાખી છે.

# આરોગ્ય કેન્દ્રના હેલ્થ વર્કરે સાથી મહિલા કર્મચારીને પ્રેમમાં ફસાવી દુષ્કર્મ આચર્યું

રાજકોટ: લોધિકા પંથકના આરોગ્યકેન્દ્રમાં નોકરી કરતી ૩૦ વર્ષની પરિણીતાએ લોધિકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે સાથી હેલ્થ વર્કરનું નામ આપ્યું હતું, મહિલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, પોતે પરિણીત છે અને તેની સાથે સમુદાય આરોગ્યકેન્દ્રમાં હેલ્થ વર્કર તરીકે નોકરી કરતો આરોપી પણ પરિણીત છે, બંને સાથે નોકરી કરતાં હોય પરિચયમાં હતા અને આરોપી હેલ્થ વર્કરે મહિલાને પ્રેમજાળમાં ફસાવી હતી. પ્રેમજાળમાં ફસાવ્યા બાદ હેલ્થ વર્કર મહિલાને કોઈને કોઈ બહાને અલગ અલગ સ્થળે લઈ જતો હતો અને ત્યાં મહિલાની ઈચ્છા વિરૂધ્ધ બળજબરીથી તેની સાથે શરીર સંબંધ



બાંધતો હતો.હેલ્થ વર્કર સાથી કર્મચારીના કરતૂતથી મહિલા ત્રાહિમામ થઈ ગઈ હતી, પતિ કે પરિવારના કોઈ સભ્યોને આ બાબતે જાણ થશે તો તેનો સંસાર ભાંગી પડશે તેવી ભીતિથી મહિલા આ ત્રાસ સહન કરતી હતી પરંતુ હેલ્થ વર્કરનો ત્રાસ સતત વધતો જતો હતો અને તે મહિલાની આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવી સતત તેના પર દુષ્કર્મ આચરતો હોવાથી અંતે મહિલાએ હેલ્થ વર્કર સાથે સંબંધ તોડી નાખ્યા હતા.મહિલાએ સંબંધ તોડતા હેલ્થ વર્કરે મહિલાને સંબંધ રાખવા માટે ધમકી આપવાનું શરૂ કરતાં અંતે મહિલાએ પોલીસનું શરણું લીધું હતું, પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

# ફોનમાં વ્યસ્ત રહેતા પુત્રને પિતાનો ઠપકો કડવો લાગ્યો શાળાએ છૂટીને સીધુ ટ્રેન નીચે પડતું મુકી આપઘાત કર્યો

ઉપલેટા:ઉપલેટાની ભાગોળે આવેલી મોજ નદીના રેલવે પુલ પર ટ્રેન હેઠળ પડતું મૂકીને ૧૬ વર્ષના સગીર વિદ્યાર્થીએ આપઘાત કરી લીધો હતો.સતત મોબાઈલમાં વ્યસ્ત રહેતા એકના એક દીકરાને પિતાએ ઠપકો આપતાં તેને લાગી આવ્યું હતું અને પુત્રે જિંદગીનો જ અંત આણી લીધો હતો.આપઘાત કરતાં પહેલાં તરૂણે સ્યુસાઈડ નોટ લખી હોવાનું સુત્રોએ ઉમેર્યું હતું અને તેમાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે મોબાઈલ ફોનની બાબતે પરિવારમાં કોઈ ટકોર થતાં અથવા કોઈ વાત લાગી આવતા આવેશમાં આવીને આ અંતિમ ભર્યું હોઈ શકે છે.રાજકોટ-પોરબંદર રૂટ પર ચાલતી ટ્રેન નંબર ૧૯૨૦૮ ગત સાંજે ઉપલેટા નજીક મોજ નદીના પુલ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે માર્શલ કિશોરભાઈ ચાડસાણીયા (ઉ.વ. ૧૬) નામના સગીરે ટ્રેન નીચે પડતું મૂકી દીધું



હતું.માર્શલ મોટી પાનેલી ગામમાં રહેતો હતો અને જૂનાગઢના ભેંસાણ રોડ પર આવેલી નોબલ યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. પિતા કિશોરભાઈ વ્યવસાયે ખેતી કરે છે.જ્યારે માર્શલના આઈડી પ્રુફની મદદથી મૃતકની ઓળખ થઈ અને તેના પરિવારને જાણ કરવા ફોન કરાયો તો પિતાએ સૌથી પહેલો સવાલ જ એ પૂછ્યો હતો કે મારા પુત્રે સ્યુસાઈડ કરી લીધું છે? જેના પરથી પિતાને આ બાબતનો અંદેશો પહેલાંથી હતો કે કેમ તે સંભાવના પ્રબળ બની છે અને એ સવાલે પોલીસને પણ ચકરાવે ચડાવી છે.વધુ તપાસ બાદ જ સત્ય સામે આવશે.વધુ તપાસ રેલવે પોલીસ ચલાવી રહી છે. મોટીપાનેલીમાં રહેતા અને જૂનાગઢ ભણવા જતાં માર્શલે મરી જ જવાનું નક્કી કર્યું હોય તેમ જૂનાગઢથી ઉપલેટા શાળાની બસમાં આવ્યા બાદ તે ઘરે જવાને બદલે ઉપલેટા જ રોકાઈ રહ્યો.તેનો જ એક મિત્ર રાજકોટ પોરબંદર ટ્રેનમાં આવી રહ્યો હોઈ, તેને સતત લોકેશન પૂછવા છ થી સાત ફોન કર્યા અને જ્યારે તેના મિત્રે કહ્યું કે ટ્રેન ડુમિયાણી પહોંચી ગઈ એટલે માર્શલે નાગનાથ ચોકથી મોજનદી પરના પુલના ટ્રેક પર ચાલવાનું શરૂ કર્યું અને ટ્રેન આવતાં જોઈ ટ્રેક પર સૂઈ ગયો, લોકોપાયલટનું ધ્યાન જવા છતાં ટ્રેનને રોકવી અશક્ય હોવાથી માર્શલના ફૂરચેફૂરચા નીકળી ગયા. લોકોપાયલટે મૃતકના અંશો એકઠા કરી પોલીસને સોંપ્યાં.

# એએસઆઈની પત્ની પાસેથી પ્રસંગમાં પહેરવા રૂ.૯.૮૧ લાખના દાગીના લઈ પરત ન કર્યા

## નિવૃત્ત એએસઆઈના પુત્ર-પુત્રવધૂ વિરુદ્ધ રાવ

રાજકોટ:પોલીસ હેડક્વાર્ટરમાં રહેતા એએસઆઈની પત્ની પાસેથી ક્વાર્ટરની સામે જ રહેતા અન્ય નિવૃત્ત એએસઆઈના પુત્ર અને પુત્રવધૂએ લગ્ન પ્રસંગમાં જવાનું કહી ઘરેણાં પહેરવા માટે માંગ્યા બાદ એએસઆઈની પત્નીએ ઘરેણાં પરત માંગતા યેનકેન બહાના બતાવ્યા અને છેલ્લી વાર મદદના બહાને વધુ ઘરેણાં પડાવ્યા બાદ પરત ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.ફરિયાદીએ તેના એએસઆઈ પતિની જાણ બહાર ઘરેણા આપ્યા હતા, પતિને મોઢાનું ચોથા સ્ટેજનું કેન્સર હોય જેથી બનાવ જાણી પતિને આઘાત ન લાગે તે હેતુથી અંત સુધી કરો નહોતી પરંતુ અંતે ઘરેણા પરત નહી આવે એવું જણાતા મહિલાએ પતિને બનાવની જાણ કરતા દંપતી વિરુદ્ધ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વડોદ ગામના અને હાલ રાજકોટમાં પોલીસ હેડ ક્વાર્ટર, દસ માળિયા, એ.એસ.આઈ. બિલ્ડિંગ ક્વાર્ટર નં.૧૦૧માં રહેતા છાયાબા ઈન્દ્રજીતસિંહ ઝાલા(ઉ.વ.૩૨) દ્વારા પ્ર.નગર પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કોઠારિયા રોલેક્ષ રોડ સાઈબાબા સર્કલ પાસે રહેતા સાગર જીવરાજભાઈ મકવાણા, તેની પત્ની બીનાબેન સાગર મકવાણા તેમજ તપાસમાં ખુલ્લે તેના નામ આપ્યા હતા.છાયાબા ઝાલાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેણીના પતિ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે એએસઆઈ તરીકે ફરજ બજાવે છે. તેઓ વર્ષ ૨૦૨૨થી રાજકોટ ખાતે રહે છે.તેમના સામેના બ્લોકમાં જીવરાજભાઈ સવજીભાઈ મકવાણા રહેતા હોય જેઓ પણ પોલીસમાં એએસઆઈ તરીકે નોકરી કરતા હોય આ જીવરાજભાઈ વર્ષ ૨૦૨૫માં જૂન મહિનામાં નિવૃત્ત થયા હતા અને હાલમાં તે સાઈબાબા સર્કલ પાસે સર્વેશ્વર સોસાયટીમાં રહે છે. આ જીવરાજભાઈના નાના પુત્ર સાગર અને તેની પત્ની બીનાબેનને છાયાબાના પતિ ઈન્દ્રજીતસિંહે બહેન બનાવેલ હોય જેથી દર વર્ષે બીનાબેન રાખડી બાંધવા પણ ઘરે આવતા હતા. આમ બંને પરિવાર પારિવારિક સબંધ ધરાવતા હતા.

જે દરમિયાન વર્ષ ૨૦૨૨માં છાયાબાના પતિ ઈન્દ્રજીતસિંહને મોઢાનું કેન્સર થયું હોય જેથી તેઓનું ઓપરેશન કરવામાં આવ્યું હતું. પરંતુ ઓપરેશન બાદ પણ ઈન્ફેકશન રહેતું હોય જેથી સતત તેઓને સારવાર હેઠળ રાખેલ હતા.વર્ષ ૨૦૨૩માં જીવરાજભાઈની પુત્રવધૂ બીના તેણીના ઘરે આવી અને કહેવા લાગી કે, "મારે લગ્નપ્રસંગમાં જવું છે જેથી તમારા દાગીના પહેરવા આપો. હું તમને બાદમાં પરત આપી દઈશ." તેણીના પતિએ બીનાને બેન બનાવેલ હોય જેથી એ સબંધના નાતે તેમણે બીનાને ઘરેણા પહેરવા આપ્યા હતા.તેના ઉપર વિશ્વાસ હોય જેથી પતિની જાણ બહાર સોનાનો પંજો, વીંટી, સોનાનો ગળાનો હાર, બુટીની જોડી, મંગળસૂત્ર તેમજ માથામાં પહેરવાનો ટીકો આપ્યા હતા.આ બીનાનો લગ્નપ્રસંગ પૂર્ણ થઈ જતા સોનાના ઘરેણા પરત માંગતા બીનાએ એવો જવાબ આપ્યો હતો કે, દાગીના મારી પાસે ભલે રહ્યા મારા ઘરે સચવાયેલા છે. તેમના પતિની સારવાર ચાલુ હોય જેથી દાગીના બીના પાસે જ રહેવા દીધા હતા.ત્યારબાદ અવારનવાર ઘરેણા પરત માંગતા ન જવાબ આપતા તેણીએ બીનાના પતિ સાગરને વાત કરી હતી. ત્યારે આ સાગરે જણાવ્યું કે, અમારે નાણાંની જરૂર પડતાં તમારા પહેરવા આપેલા સોનાના દાગીના અમે ગીરવે મૂકી દીધા છે'.

આ બાબતે જીવરાજભાઈને વાત કરતા તેમણે કહ્યું કે, તમે ચિંતા ન કરો મારો દીકરો અને વહુ તમને તમારા ઘરેણાં પાછા આપી દેશે.ઘણો સમય વીતવા છતાં પૈસા પરત ન આપતા પતિને જાણ કરી દેવાની બીક બતાવતા આ સાગરે તેણીને કહ્યું કે, તમે તમારા બીજા ઘરેણા મને આપો હું તમારૂ મંગળસૂત્ર છોડાવી આપીશ. આમ અંત સુધી યેનકેન બહાના બતાવ્યા બાદ કુલ ૧૮૯ ગ્રામ સોનું જેની કિંમત રૂ.૯.૮૧ લાખનું સોનું પરત ન આપી ઠગાઈ આચરતા પોલીસમાં ગુનો નોંધાયો છે.

# કોઠારિયા સોલવન્ટમાં પાલતુ શ્વાન મુદ્દે પાડોશીઓ બાખડ્યા

રાજકોટ:કોઠારિયા સોલવન્ટમાં શ્વાન બાબતે આપેલ ઠપકાનો ખાર રાખી ૪ મહિલા સહિત ૧૦ શખ્સએ છરી, પાઈપ અને ધોકાથી યુવાન ઉપર હુમલો કર્યો હતો.શહેરના કોઠારિયા સોલવન્ટમાં હુસેની ચોક પાસે રહેતી મુસ્કાનબેન ઈબનેમભાઈ ફારૂકીએ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી વીકી, સંજય પાડલિયા, ગોગો, વીકીનો ભાઈ રોકી, મનીષ ઉર્ફે કકુ, રવિરાજ કાઠી, જનકો કબુતરવાળો, વીકીની પત્ની, મનીષ ઉર્ફે કકુની બે બહેનો તથા મનીશ ઉર્ફે કકુની માતા જસુબેનના નામ આપ્યા હતા.તેણીએ જણાવ્યું હતું કે, તે તેના પતિ બંને રાત્રે ઘરે હતા ત્યારે તેની શેરીમાં રહેતા વિકી તથા તેનો ભાઈ રોકી તથા તેમનો મિત્ર સંજય પાડલિયા તથા ગોગો તથા મનીષ ઉર્ફે કકુ તથા રવિરાજ કાઠી તથા જનકો કબુતરવાળો તથા વિકીના પત્ની તથા કકુની બે બહેનો તથા તેઓની માતા જશુબેન તેના ઘરમાં ઘૂસી આવ્યા હતા.ગાળો બોલતા તેણીના પતિ ઈબનેમએ ગાળો બોલવાની ના પાડતા ધોકા વડે હુમલો કર્યો હતો અને વીકી તથા સંજય પાડલિયાએ છરી કાઢી તેના પતિના છાતીના ભાગે છરીનો ઘા મારતા પોતે રાડારાડી કરવા લાગી હતી અને પડોશીઓ છોડાવવા વચ્ચે પડતા તેઓને પણ માર માર્યો હતો.આ મારામારી થવાનું કારણ એ હતું કે,ગત તા.૧૪/૦૧ના રોજ તેમણે વીકીના પત્ની તથા માતા તેઓના પાલતુ શ્વાનને ઘર પાસે શૌચક્રિયા કરાવતા હોય જે બાબતનો ઠપકો આપતા આ બાબતનો ખાર રાખી યુવક અને તેના પરિવાર પર હુમલો થયાની ફરિયાદ પરથી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

# ગોંડલ પોલીસે બે મોટી ચોરીના ભેદ ઉકેલ્યા: ૮ આરોપીઓની ધરપકડ, ૧૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ:રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા માટે પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા આપવામાં આવેલી સૂચનાના પગલે ગોંડલ તાલુકા પોલીસે મહત્વની સફળતા હાંસલ કરી છે. પોલીસે બે અલગ-અલગ ચોરીની ઘટનાઓના ભેદ ઉકેલી કુલ ૮ આરોપીઓની ધરપકડ કરી છે.

જલારામ જીનમાંથી ઘઉંની ચોરીનો ભેદ ઉકેલાયો:મે ૨૦૨૫ દરમિયાન ગોંડલના જલારામ જીન વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાંથી ૨૦૦ મણ ઘઉં (કિંમત અંદાજે ૧,૦૦,૦૦૦/-) ની ચોરી થઈ હતી. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે પોલીસે તપાસ તેજ કરી આ વણઉકેલાયેલા ગુનામાં સંડોવાયેલા શખ્સોને ઝડપી લીધા છે.

રોહિત છગન બોરીચા (રહે. બિલિયાળા),વિશાલ ઉર્ફે નાનુ રમેશ સાકરીયા (રહે. બિલિયાળા),જીગર દિલીપ




ભીખા (રહે. શાપર વેરાવળ),સંજય ઉર્ફે લાલો મહેશ પરમાર (રહે. શાપર વેરાવળ),

ઓનિક્સ સોલાર કંપનીમાં ૧૪ લાખની કેબલ ચોરી:જાન્યુઆરી ૨૦૨૬ માં ગોંડલ તાલુકાની એક કંપનીના ગોડાઉનમાંથી ૪ સ્ક્વેર એમએમ ડીસી સોલાર કેબલના ૨૮૧ બંડલની ચોરી થઈ હતી, જેની કુલ કિંમત ૧૪,૦૫,૦૦૦/- થાય છે. આ મામલે શંકાસ્પદ કર્મચારીઓ અને અન્ય શખ્સોની પૂછપરછમાં સમગ્ર કૌભાંડ બહાર આવ્યું હતું. આ ગુનામાં પોલીસે કુલ ૮ આરોપીઓની ધરપકડ કરી છે.રોહિત છગન બોરીચા (રહે. બિલિયાળા),કુમાર કુરજી પરમાર (રહે. પ્રમુખનગર, ગોંડલ),વિશાલ ઉર્ફે નાનુ રમેશ સાકરીયા (રહે. બિલિયાળા),જીગર દિલીપ ભીખા (રહે. શાપર વેરાવળ),વિરમદેવસિંહ કિશોરસિંહ જાડેજા (રહે. શાપર વેરાવળ),સંજય ઉર્ફે લાલો મહેશ પરમાર (રહે. શાપર વેરાવળ),આશીષશાહ ઘનશ્યામ શાહ (રહે. શાપર વેરાવળ) રમઝાન અલી કરીમ કારવાપોલીસ ટીમ અને કાયદેસરની કાર્યવાહી:આ સફળ કામગીરી ગોંડલ તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડીયા, જીૈં આર.આર. સોલંકી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી. આ ટીમમાં છજીૈં કર્મરાજસિંહ, આર.એચ. બોહરા, હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ સોલંકી, ધર્મેન્દ્રસિંહ જાડેજા, અજયસિંહ તેમજ કોન્સ્ટેબલ જયદીપસિંહ રાણા, પરેશ નારણ, જયદિપ ધાધલ, રવિરાજસિંહ વાળા સહિતના સ્ટાફનો સમાવેશ થાય છે.

# એફ.આર.પી મેવોલ કવરની ખરીદીના નામે છેતરપિંડી

રાજકોટ:રાજકોટના મવડી ચોક પાસે ક્રિષ્ના પાર્ક સોસાયટીમાં રહેતાં ગૌતમભાઈ મગનભાઈ રામાણી (ઉ.વ.૩૮)એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ અને તેમનો ભાઈ ચિરાગ કારખાને હતા ત્યારે અજાણ્યા નંબર પરથી ચિરાગને વોટ્સએપ કોલ આવ્યો હતો અને કહ્યું કે, હુ કાઠમાંડુ (નેપાળ)થી વિશાલ પટેલ બોલું છું, અમે દરેક દેશમાં એફ.આર.પી. મેવોલ કવરની સપ્લાય કરીએ છીએ તમે એફ.આર.પી, મેવોલ કવર બનાવો છો, અમારે દર મહીને ૨૦થી ૨૨ ગાડી સપ્લાયની જરૂરીયાત છે, અમે તમારી પાસેથી એફ.આર.પી, મેવોલ કવર ખરીદ કરવા માંગીએ છીએ. જેથી મોટી સપ્લાય કરવાથી ધંધાને વેગ મળે તેમ વિચારી હા પાડી હતી.

આ સપ્લાય ચાલુ કરવા માટે નેપાળ બોર્ડરની સરકારી પરવાનગી લેવા માટે તેમજ સર્ટીફીકેટ કઢાવવા તમારે ગવર્નમેન્ટ સાઈટ ઉપર ઓનલાઈન રૂ.૫૩૦૦ પેમેન્ટ કરવું પડશે કહી એક ક્યુ.આર.કોડ મોકલ્યો જેમાં રૂપિયા ટ્રાન્સફર કર્યા બાદ વિશાલ પટેલના નંબર પર અનેક વાર સંપર્ક કર્યો, પરંતુ કોઈ સંપર્ક થઈ શક્યો નહી. જેથી સાયબર ફ્રોડ થયાનું જણાતા હેલ્પલાઈન નં.૧૯૩૦ ઉપર અરજી કર્યા બાદ શાપર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી શાપર પોલીસે આઈટી એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી સાયબર ગઠિયાને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

# અકસ્માતમાં ઈજાગ્રસ્ત યુવકનું સારવાર દરમિયાન મોત

રાજકોટ:વિજય ધનજીભાઈ કુંવારીયા (ઉં.વ.૨૮) ગઈ તા. ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ રાત્રીના સમયે ખોખડદળ પુલ અને હુડકો ચોકડી વચ્ચે કોઠારીયા રોડ પરથી અકસ્માત સબબ ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવતા તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. અહી સારવાર દરમ્યાન તેનું મોત નીપજ્યું હતું. પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પુછપરછ દરમિયાન મૃતક મજૂરી કામ કરતો હોવાનું અને અપરણિત હોવાનું સામે આવ્યું છે. તે ખોખડદળ મેલડી માતાજીના મંદિરે દર્શને જતો હતો ત્યારે બાઈક સ્લીપ થતા અકસ્માત સર્જાયો હતો.

# સરધાર અને કુવાડવા રોડ પરથી દારૂનો મોટો જથ્થો ઝડપાયો: બે બુટલેગરની ધરપકડ

રાજકોટ: સરધાર અને કુવાડવા રોડ પરથી દારૂનો મોટો જથ્થો પોલીસે પકડી પાડી બે બુટલેગરની ધરપકડ કરી હતી. આજીડેમ અને નાસતા ફરતાં સ્કોર્ડની ટીમે કામગીરી કરી દારૂ-કાર સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ અજય હુંબલ, કોન્સ્ટેબલ ધર્મેશભાઈ મુંધવા સહિતના સ્ટાફને એક બ્લુ કલરની સ્વીફ્ટ કાર નં.જીજે-૦૩-એનકે-૪૨૨૫ માં વિદેશી દારુ ભરેલ છે અને સરધારગામ તરફ થોડીવાર બાદ આવવાની છેતેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ રાજકોટ ભાવનગર હાઈ વે રોડ, સરધારગ્રામ પંચાયતના આગળના ભાગે વોચમાં હતાં ત્યારે ત્યાંથી પસાર થયેલ સ્વીફટ કારમેં અટકાવી કાર ચાલકને અટકમાં લઈ નામ પૂછતા પોતાનુ નામ લવકેશકુમાર ઉર્ફે શિવમ સંજીવ ઝા (ઉ.વ.૨૬, રહે-ગુંદાસરા ગામ ગોંડલ) હોવાનુ જણાવેલ હતું.કારમાં પોલીસ ટીમે તલાશી લેતાં પાછળની ડેકીમાં બે બોકસ પડેલ હોય જે ખોલી જોતા તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે કુલ દારૂની ૨૪ બોટલ કબ્જે કરી કાર ચાલકની ધરપકડ કરી પુછતાછ આદરી હતી.બીજા દરોડામાં એલસીબી ઝોન-૧ ના પીએસઆઈ એમ.વી. મોવલિયાની રાહબરીમાં નાસતા ફરતા સ્કોર્ડની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે કુવાડવા રોડ પર આવેલ શહીદ ઉધમસિંહ ટાઉનશીપની પાસેથી રાજા લક્ષ્મણ પારવાણી (૩૫) ને પકડી પાડી તેની પાસેથી દારૂની ૨૪ બોટલ કબજે કરી દારૂ ક્યાં સપ્લાય કરવાનો હતો તે અંગે પૂછતા જ આદરી હતી.

# અજાણ્યા વાહનની અડફેટે બાઈકસવાર યુવકનું મોત

રાજકોટ:કોઠારીયા સોલ્વન્ટની રાધિકા સોસાયટી શેરી નંબર ૧માં રહેતો નીતિશકુમાર કપિલદેવ પાસવાન (ઉં.વ.૨૬) આજે વહેલી સવારે ૬ વાગ્યા આસપાસ પોતાનું બાઈક લઈને જતો હતો, ત્યારે કોઠારીયાના ન્યુ સોમનાથ ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં અજાણ્યા વાહન ચાલકે અડફેટે લેતા ગંભીર ઈજા થઈ હતી અને સ્થળ પર પહોંચેલ ૧૦૮ની ટીમે નીતીશકુમારને મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ આજીડેમ પોલીસને થતા સ્થળ પર પહોંચી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી હતી. નીતીશકુમાર મૂળ બિહારનો વતની હતો અને તે કોઠારીયા ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમાં આવેલ રોલેક્સ રીંગ કારખાનમાં નોકરી કરતો હતો.

# જેતપુર: મિત્રે જ યુવાનને ગાળો આપી છરી ઝીંકી

જેતપુર:જેતપુર- જૂનાગઢ રોડ પર આવેલી હોટેલમાં જમવા ગયા બાદ પરત ફરતી વેળાએ યુવાને તેના મિત્ર પાસે ગાડી ચલાવવા માંગતા તેને ગાળો આપી જ્ઞાતિ અંગે અપમાનજનક શબ્દો કહી છરીનો ઘા ઝીંકી દીધો હતો.

મૂળ જેતપુરના વતની અને હાલ રાજકોટમાં નાનામવા રોડ પર રાજનગર ચોક પાસે લક્ષ્મી સોસાયટીમાં રહેતા મયંક ઉર્ફે સુજલ નવનીતભાઈ ચાવડા નામના યુવાને જેતપુર તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જેતપુરના દિલો ઉર્ફે દિલીપ શેખવાનું નામ આપ્યું છે.મયંકે જણાવ્યું હતું કે તે ગોંડલ દરવાજા વિસ્તારમાં હતો ત્યારે તેના માસી રેખાબેન ઉર્ફે ઢકુબેન વેગડાનો ફોન આવ્યો હતો અને બહાર જમવા જવાનું કહ્યું હતું. જેથી મયંક પોતાનું એકટીવા લઈ સામાકાંઠા વિસ્તારમાં ગયો હતો ત્યાં રેખાબેન તથા તેની સાથે દિલીપ શેખવા હતો અને તેની પાસે ગાડી હતી બાદમાં ત્રણેય જમવા માટે ગયા હતા.પરત આવતી વખતે મયંકે ગાડી ચલાવવા માગતાં દિલિપે બોલાચાલી કરી હતી એટલું જ નહીં, મયંકને નીચે ઉતરવાનું કહી, નેફામાંથી છરી કાઢીને ઘા મારી દીધો હતો.આથી મયંકે જેતપુર સિવિલમાં સારવાર લીધા બાદ દિલીપ સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા એટ્રોસિટી મુજબ ગુનો નોંધ્યો હતો.

# જસદણમાં નજીવી બાબતે છરીથી હુમલો

જસદણ:જસદણ શહેરના ચિતલીયા કુવા રોડ પર પતંગ ચગાવવા જેવી નજીવી બાબતે થયેલી તકરાર લોહિયાળ હિંસામાં પરિણમી હતી. આ બાબતે મનદુઃખ રાખી સાવન હિરપરા અને તેના સાથીદારે વિશાલભાઈ છાયાણી પર છરી વડે હુમલો કર્યો હતો. હુમલાને કારણે વિશાલભાઈની પીઠના ભાગે ગંભીર ઘા વાગતા જસદણની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.ઈજાગ્રસ્ત વિશાલ છાયાણીએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે હુમલો કરનાર સાવન હિરપરા અને તેનો મિત્ર બંને નશાની હાલતમાં હતા. આ ઘટનાની જાણ થતા જ વિશાલના પરિવારજનો તેમજ પાટીદાર સમાજના આગેવાનો મોટી સંખ્યામાં સરકારી હોસ્પિટલ ખાતે એકત્રિત થયા હતા, જેના કારણે હોસ્પિટલ પરિસરમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો.